# અશોકની ધર્મનીતિ.

ડો.ગીતા ડી.મારુ
અધ્યાપક સહાયક,
એમ.બી.કોમર્સ & જી.એમ.એન.લાલજી
આર્ટ્સ કોલેજ, દહેગામ

# પ્રકરણ રજૂઆત

- પ્રસ્તાવના
- અશોક અને બૌધ્ધ ધર્મ. (અ. બૌધ્ધ ધર્મની સ્વીકૃત્તિ, બ. બૌધ્ધ ધર્મના પ્રચાર માટેના પ્રયાસો.)
- અશોક અને માનવ ધર્મ કે વિશ્વ ધર્મ.
- અશોકનું ઈતિહાસમાં સ્થાન કે મૂલ્યાંકન.

# પ્રસ્તાવના

- કલિંગના યુધ્ધે અશોકના જીવનને નવો વળાંક આપ્યો. આ યુધ્ધમાં થયેલા ભયંકર સંહારથી અશોકનું હ્રદય એટલું તો ભરાઈ આવ્યું કે તેણે હંમેશને માટે શસ્ત્ર સન્યાસ લીધો. તેણે જાહેર કર્યું કે સાચો વિજય તો ધર્મ વિજય હોવો જોઈએ.
- અશોકના ધર્મને બે ભાગમાં વહેંચી શકાય.
  - અ. અશોક અને બૌધ્ધ ધર્મ.
  - બ. અશોક અને માનવ ધર્મ કે વિશ્વ ધર્મ

# અશોક અને બૌધ્ધ ધર્મ.
# અ. બૌધ્ધ ધર્મની સ્વીકૃત્તિ.

- કલિંગના ભીષણ યુધ્ધ પછી બૌધ્ધ ભિક્ષુ ઉપગુપ્તના ઉપદેશથી તેણે બૌધ્ધ ધર્મ સ્વીકાર્યો. તે વ્યક્તિગત રીતે બૌધ્ધ ધર્મી હતો. તે માટેની વિગતો નીચે પ્રમાણે છે.
- ભાબરુંના અભિલેખમાં અશોકની બૌધ્ધ ધર્મના ત્રિરત્નો (બુધ્ધ, સંઘ, ધર્મ) પ્રત્યેની શ્રધ્ધાનો ઉલ્લેખ છે.
- સારનાથ, પ્રયાગ અને કૌસાંબીના સ્તંભલેખમાં તેણે બૌધ્ધા ધર્મના સંરક્ષક તરીકે સંઘના વિરોધીઓ માટે શિક્ષાની ઘોષણા કરી છે.
- તેણે બૌધ્ધ ભિક્ષુ મોગ્ગલીપુત્તતીસના પ્રમુખપદે પાટલિપુત્રમાં અશોકારામ વિહારમાં ત્રીજી બૌધ્ધ પરિષદ બોલાવી હતી. તેણે ધાર્મિક હેતુ માટે બુધ્ધના જીવન સાથે સંકળાયેલી પવિત્ર સ્થળોની ધર્મ યાત્રા કરી હતી. તેણે સામ્રારાજ્યમાં 84 હજાર બૌધ્ધ સ્તુપો બંધાવ્યા. બૌધ્ધ ધર્મના પ્રચાર અર્થે દેશ વિદેશમાં ધર્મ પ્રચારકો મોકલ્યા. અશોકની બૌધ્ધ ભિક્ષુ રૂપે બનાવેલ મુર્તિ ચીની મુસાફર ઇત્સીંગને મળી હતી. આ બધા પ્રમાનો પરથી કહી શકાય કે અશોક વ્યક્તિગત રીતે બૌધ્ધ ધર્મી હતો.

# અશોક અને બૌધ્ધ ધર્મ.
# બ. બૌધ્ધ ધર્મના પ્રચાર માટેના પ્રયાસો.

1. અશોકનો પ્રભાવ. બૌધ્ધ ધર્મ સ્વીકાર્યા પછી અશોક બૌધ્ધ ધર્મના ઉપાસક તરીકે જીવન જીવતો. તેની પ્રજા ઉપર અસર થવાથી પ્રજા પણ બૌધ્ધ ધર્મ પ્રત્યે આકર્ષાઈ.
2. બૌધ્ધ ધર્મ રાજ્ય ધર્મ. અશોકે બૌધ્ધ ધર્મને રાજ્ય ધર્મ તરીકે જાહેર કર્યો. બૌધ્ધ ધર્મને રાજ્યાશ્રય મળતા તેની પ્રસરમાં સારો વધારો થયો. બૌધ્ધ ધર્મના પ્રચાર માટે અશોકે બુધ્ધના અહિંસાના સિધ્ધાંતને સ્વીકાર્યો અને તેનો અમલ કરવા રાજયભરમાં શિકાર બંધ કરાવ્યો. રાજ્યના રસોડા માટે થતી પશુ હિંસા બંધ કરાવી.
3. ધર્મયાત્રા. અશોકે બૌધ્ધ ભિક્ષુ ઉપગુપ્તની સલાહથી ભગવાન બુધ્ધના જીવન સાથે સંકળાયેલા પવિત્ર સ્થાનો, લૂમ્બીનીવન, કપિલવસ્તુ, બૌધ્ધિગયા, અને કુશીનગર વગેરેની યાત્રા કરી. રાજયના આધીકારીઓને આ ધાર્મિક યાત્રા કરવા પ્રોત્સાહન આપ્યું.
4. ધર્મ મહામાત્ર. અશોકે ધર્મના પ્રચાર અર્થે રાજયમાં ધર્મ મહામાત્રોની નિમણૂંક કરી. તેમનું કાર્ય પ્રજામાં ધર્મનો પ્રચાર કરી તેમનું નૈતિક ધોરણ ઊંચું લાવવાનું હતું.
5. ધાર્મિક પ્રદર્શનો. પ્રજાના હ્રદયમાં સ્વર્ગ પ્રાપ્તિની ભાવનાનાં વિકાસ સાથે તેઓ સત્કર્મો કરે એ શુભ હેતુથી અશોક ધર્મ ખાતાની દેખરેખ હેઠળ ધાર્મિક પ્રદર્શનો ગોઠવતો. તેમાં બુધ્ધના જીવન સંબંધી દિવ્ય સ્વરૂપોના દ્રશ્ય ગોઠવવામાં આવતા.
6. ધર્મ શ્રવણ. ધર્મના પ્રચાર અર્થે અશોક ધાર્મિક વિષયો ઉપર ચર્ચાઓ અને પ્રવચનો ગોઠવતો. આ કાર્યમાં તેને રાજુક, પ્રાદેશિક, યુક્ત જેવા અધિકારીઓએ મદદ કરતા.

# અશોક અને બૌધ્દ્ ધર્મ.
# બ. બૌધ્દ્ ધર્મના પ્રચાર માટેના પ્રયાસો.

7. દાન વ્યવસ્થા. અશોકે ધાર્મિક ભેદભાવો વગર રાજ્યભરના દીન દુખી, ભૂખ્યા, સાધુ સંતોએ વગેરેને સહાયતા આપવાનું આયોજન કર્યું હતું.
8. ત્રીજી બૌધ્દ્ ધર્મ પરિષદ. અશોકે તેના રાજ્યકાળના 17માં વર્ષે મુગ્ગલીપુત્તતીસના અધ્યક્ષ પદે ત્રીજી બૌધ્દ્ પરિષદ બોલાવી. આ પરિષદમાં અધ્યક્ષની સહાયથી અશોકે બૌધ્દ્ ધર્મમાં પ્રવેશેલા દોષો દૂર કરીને બૌધ્દ્ ધર્મને પુનઃ જીવન પ્રદાન કર્યું. બૌધ્દ્ ધર્મ ગ્રંથોનું સંશોધન કરાવ્યુ તેથી "કથાવથ્થું" નામના ગ્રંથની રચના થઈ.
9. અધિકારીઓને આદેશ. અશોકે પોતાના અધિકારીઓને આદેશ આપ્યો હતો કે, રાજયમાં વહીવટી કાર્યોની સાથે તેમણે દર પાંચ વર્ષે પ્રવાસ ગોઠવી ધર્મ પ્રચારનું કાર્ય કરવું.
10. સ્તુપો, વિહારો અને અભિલેખોનું નિર્માણ. અશોકે બૌધ્દ્ ધર્મના પ્રચાર અર્થે દેશ વિદેશોમાં સ્તુપો અને વિહારો બંધાવ્યા. તેને દેશભરમાં શિલાલેખો, સ્તંભલેખો અને ગુફાલેખો કોતરાવ્યા.મહાવંશ ગ્રંથ મુજબ તેણે સમગ્ર સામ્રાજ્યમાં 84 હજાર બૌધ્દ્ સ્તુપો બંધાવ્યા હતા.
11. ધર્મ લેખો. અશોકે વિવિધ અભિલેખોમા બૌધ્દ્ધર્મના સિધ્દ્ધાંતો કોતરાવ્યા. આ અભિલેખો તેની આત્મકથા સમાન છે. આ ધરમ લેખો દ્વારા વ્યકત થતી ધર્મના અનુસરણ અને અનુશાસનની ઉદ્દત ભાવના એ જગતભરના જયોતિર્ધરોમાં મહત્વનુ સ્થાન ધરાવે છે.
12. ધર્મપ્રચારકોની વ્યવસ્થા. બૌધ્દ્ ધર્મના પ્રચાર અર્થે દેશ વિદેશમાં ધર્મ પ્રચારકો મોકલ્યા. બૌધ્દ્ સ્થવિરોને ધર્મના પ્રચાર માટે કાશ્મીર, ગાંધાર, યવન, હિમાલય, બ્રહ્મદેશ અને સિલોન વગેરે દેશોમાં મોકલેલ. વિદેશમાં ધર્મ પ્રચારની નીતિ શાંતિમય અને શુભેક્ષક હતી. ચીન, જાપાન, કોરિયા, સિયાન, તિબેટ અને આગ્નિએશિયાના દેશોમાં ધર્મ પ્રસાર કરવા તેણે નવ પ્રતિનિધિમંડલ મોકલ્યા હતા. તેણે સિરીયા, મેસિડોનિયા, ઈજીપ્ત અને એપીરસ વગેરેમાં ધર્મ પ્રચારકો મોકલી ત્યાં ધર્મ પ્રચાર કર્યો. આ બધા પ્રયાસોને લીધે, બૌધ્દ્ ધર્મ વિશ્વ ધર્મ બન્યો.

# અશોક અને માનવ ધર્મ.
# અશોક ચુસ્ત બૌદ્ધધર્મી ?

- અશોકની બૌદ્ધ ધર્મ પ્રત્યેની સેવાઓ જોતાં કેટલાંક તેણે બૌદ્ધ ધર્મી માને છે પરંતુ તેમ કહેવું યોગ્ય લાગતું નથી. અશોકે જે ધર્મનો પ્રજામાં પ્રચાર કર્યો તેમાં બુધ્ધ, બૌદ્ધ ધર્મ, પરમાત્મા કે આત્મા વિશે એક શબ્દનો ઉલ્લેખ ન હતો. અશોકે સમકાલીન અન્ય ધર્મોના સિધ્ધાંતોનું અધ્યયન કરેલું. અને સારા જણાતા તત્વોને પોતાના ધર્મમાં તેણે સમાવ્યા હતા. તેના ધર્મ પ્રચારમાં સાંપ્રદાયિકતા નજરે નહોતી પડતી. હિંદના બંધા ધર્મોને સમાનરૂપે સ્પર્શતી બાબતોનો વધારે પ્રમાણમાં હતી. ટૂંકમાં અશોકનો ધર્મ એ સર્વ ધર્મનો સાર છે. તેના અભિલેખમાં તે લખે છે કે “ બધા સંપ્રદાયો એક યા બીજા કારણે આદરણીય છે. આવું આચરણ રાખવાથી માણસ પોતાના સંપ્રદાયને ઉન્નત કરે છે” આમ અશોકનો ધર્મ વિશ્વધર્મ હતો.

# અશોક અને માનવ ધર્મ.
# અશોકના ધર્મના લક્ષણો.

- અશોકના બધાંજ અભિલેખોમાં વ્યાપક ધર્મભાવનાની નૈતિકતાનો ધ્વનિ ગુંજી ઊઠે છે. ધાર્મિક સહિષ્ણુતા એ અશોકના ધર્મનું અગત્યનું લક્ષણ હતું. તેણે જૈન મંદિરો અને ઉપાશ્રયોને મદદ કરી હતી. આજીવિક સંપ્રદાયના સાધુઓ માટે “ગયા” જીલ્લામાં આવેલા “બાર્બર” ટેકરી સુંદર ગુફાઓ બંધાવી હતી.
- તેણે પોતાનું ઉપનામ “દેવનામપ્રિય” રાખ્યું હતું. તે અહિંસાનો પૂજારી બન્યો અને આ સિધ્ધાંતને પોતાના વ્યક્તિગત જીવનમાં અને પ્રજા વ્યવહારમાં અમલી બનાવ્યો. પોતાના બધાંજ અભિલેખમાં તેણે જીવનને અધિક પવિત્ર અને નીતિમય બનાવી શકાય તેવા આચાર વિષયક સિધ્ધાંતો આપ્યા છે. તેના મંતવ્ય પ્રમાણે પવિત્ર ધર્મમય જીવન એટલે વધારે અને વધારે પુણ્ય કાર્ય કરવા અને ઓછામાં ઓછા પાપકાર્યો કરવા. તેણે ત્યાગ, પ્રેમ, સહકાર, અહિંસા, દાન, પરોપકાર, આદરભાવ, સહિષ્ણુતા વગેરે ગુણો ઉપર ખાસ ભાર આપ્યો હતો. તેણે પ્રજાને ગુરૂજનોની સેવા કરવાનો બોધપાઠ આપ્યો. પિતાની સેવા કરવી, મિત્રસંબંધી, સાધુ શ્રમણો અને વડીલોને માન આપવું તેવો બોધપાઠ આપે છે. તેમજ સેવકો, નીચલી કક્ષાના મનુષ્યો અને પ્રાણીઓ પ્રત્યે દયાભાવ રાખવાનો જણાવે છે.

# અશોકનું ઈતિહાસમાં સ્થાન કે મૂલ્યાંકન.

- ડો.આર.સી.મજમુદાર લખે છે કે વિશ્વના સૌથી મહાન રાજાઓ માના એક રાજા તરીકે અશોકની ગણના થઈ શકે. ભારતના જ નહિં પણ જગતના ઈતિહાસમાં થઈ ગયેલા હજારો સામ્રાટોમાં તેનું નામ એક તેજસ્વી તારલાની જેમ ચમકે છે.
- ડો.સ્મિથે તેને મહર્ષિ અશોક કહ્યો છે.
- ડો.રાયચૌધરી મુજબ અશોક ભારતના ઈતિહાસમાં સૌથી નોંધપાત્ર વિભૂતિઓ માની એક હતી. તે ચંદ્રગુપ્તની શક્તિ, સમુદ્રગુપ્તની વિદ્વતા, અને અકબરની ઉદારતા ધરાવતો હતો.
- ડો.પી શરણના માટે અશોક એક સફળ સેનાનાયક હતો.